# ૨૦૧૯-૨૦નો વાર્ષીક અહેવાલ

ટુંકમાંઃ

વર્ષ દરમીયાન અમે રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબી જીલ્લાઓમાં વ્યવસાયીક રોગોના દર્દીઓને શોધવાના કામને પ્રાધાન્ય આપ્યું. સુરેન્દ્રનગરના થાનથી અમે શરુ કર્યું. થાન એ સીરામીક ઉદ્યોગનું મહત્ત્વનું કેન્દ્ર છે. તે પછી અમે મોરબી અને રાજકોટ જીલ્લાઓની મુલાકાત લેવાનું શરુ કર્યું. સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધીમાં સીલીકોસીસને કારણે મૃત્યુ પામ્યા હોય તેવા ૧૩ કામદારોની માહીતી મળી અને ૩૨ કામદારો મળ્યા જે સીલીકોસીસનો ભોગ બન્યા હતા. સપ્ટેમ્બરમાં અમે રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ સમક્ષ આ પીડીતો સંબંધે ફરીયાદ દાખલ કરી. હવે અમે વાંકાનેર, મોરબી, રાજકોટ, ધ્રાંગધ્રા, થાન અને સુરેન્દ્રનગરમાં સંબંધો પ્રસ્થાપીત કર્યા છે. થાન અને બીજે કામદારો સાથે સારો ઘરોબો બાંધી શકયા છીએ. તેમની સાથે ઘણી બેઠકો કરી. ઓકયુપેશનલ એન્ડ એન્વાયર્નમેન્ટલ હેલ્થ નેટવર્ક ઈન્ડીયા (OEHNI) માટે અમે "એક શ્વાસ માટે વલખાં" નામની દસ્તાવેજી ફીલ્મ બનાવી. પીટીઆરસી હાલ આ નેટવર્કનું કાર્યાલય સંભાળે છે. ઓકટોબરના અંતમાં શીકાગો ખાતે યોજાયેલ રીસ્પોન્સીબલ જવેલરી કોન્ફરન્સમાં રજુઆત કરવા માટે આપણને આમંત્રણ આપવામાં આવ્યું. તેનો લાભ લઈ એક મહીના જેટલો સમય અમેરીકામાં ગાળવાનું આયોજન કર્યું. એ દરમીયાન વ્યવસાયીક આરોગ્ય પર કામ કરતા અમેરીકાના મીત્રોએ કેલીફોર્નીઆ યુનીવર્સીટીમાં ત્રણ વ્યાખ્યાનોનું આયોજન કર્યું. તે પછી એશીયન નેટવર્ક ઓફ રાઈટસ ઓફ ઓકયુપેશનલ એકસીડન્ટ વીકટીમ્સ(ANROEV) નામના નેટવર્કની દક્ષીણ કોરીઆની રાજધાની સીઓલ ખાતે યોજાયેલ દ્વીવાર્ષીક સભામાં હાજરી આપવાની તક મળી. વર્ષ દરમીયાન આપણે ઈ.એસ.આઈ.કાયદા હેઠળ આવરી લેવાયેલા વીમા કામદારોની સમસ્યાઓને મુદ્દે સક્રીયપણે કામ કર્યું. સદર કાયદા હેઠળ મળવાપાત્ર લાભો મેળવવામાં કામદારોને પડતી તકલીફોની આપણે સતત રજુઆતો કરતા રહ્યા. જન સ્વાસ્થ્ય અભીયાન નામના નેટવર્કની ગુજરાત શાખાની સંચાલન સમીતીના સભ્ય તરીકે પણ આપણે વર્ષ દરમીયાન સક્રીય રહ્યા. ખંભાતમાં લાંબો સમય આપણું કાર્યાલય શકરપુર ખાતે રહ્યું. મકાનમાલીકને મકાનની જરુર હોવાથી આપણે તે ખાલી કરી મેતપુર ખાતે ખસેડયું. ખંભાતમાં વર્ષ દરમીયાન આપણને સીલીકોસીસનો એક પણ નવો દર્દી મળ્યો નહી તેનું કારણ આપણી પાસે પુરા સમયનો કોઈ કાર્યકર ત્યાં નહી હોવાને આપી શકાય. તેમ છતાં વર્ષ દરમીયાન કેટલાક મહેમાનો ખંભાત આવ્યા જેમને આપણે સમસ્યાથી પરીચીત કરાવ્યા. માધ્યમો તરફથી આપણને વર્ષ દરમીયાન ઘણો સહકાર મળ્યો. વર્ષ દરમીયાન આપણને કેટલીક કાનુની સફળતાઓ મળી. માહીતી અધીકાર કાયદા હેઠળ આપણે અગત્યની માહીતી મેળવવાનું ચાલુ રાખ્યું. ચેરીટી એઈડ અમેરીકા દ્વારા મળેલ ગ્રાન્ટ હેઠળ આપણે દીલ્હી અને ગુજરાતમાં મધુપ્રમેહ પર જાગૃતીનું કામ કર્યું.

સીલીકોસીસ પર કામઃ

## થાનઃ



છેલ્લા ૫૦ કરતાં વધુ વર્ષથી થાન સીરામીક ઉદ્યોગનું મહત્ત્વનું કેન્દ્ર રહ્યું છે. ત્યાં સીરામીકના ૧૩૦ કરતાં વધુ એકમો છે. તેમાં સ્થાનીક અને પ્રવાસી કામદારોને કામ મળે છે. આપણા એક કાર્યકર થાનની નીયમીત મુલાકાત લેતા રહે છે. વર્ષ દરમીયાન આપણે આ કામદારો સાથે ઘણી બેઠકોનું આયોજન કર્યુ. થાનમાં સીલીકોસીસના ૪૧ દર્દી મળ્યા છે જે પૈકી ૧૬ના મૃત્યુ થયા છે.

સુરેન્દ્રનગરઃ

સુરેન્દ્રનગર જીલ્લાનું વડું મથક છે જયાં સી.યુ. શાહ મેડીકલ કોલેજ પણ છે અને સીવીલ હોસ્પીટલ પણ છે. અમે અહીના વીમા દવાખાના અને કામદાર રાજય વીમા (કારાવી) નીગમની કચેરીઓની મુલાકાત લીધી. વાંકાનેરના કારાવી નીગમના કાર્યાલયની પણ મુલાકાત લીધી. તે ઉપરાંત થાનના સામુદાયીક આરોગ્ય કેન્દ્રની અને રાજકોટમાં ટીબી હોસ્પીટલ અને સીવીલ હોસ્પીટલની પણ મુલાકાત લીધી.

સુરેન્દ્રનગરની સી.યુ.શાહ મેડીકલ કોલેજની મુલાકાત લઇ સંબંધો સ્થાપીત કર્યા. સીલીકોસીસ અંગે તેમની સાથે એક અભ્યાસ કરવાની અમે દરખાસ્ત આપી જેને સફળતા મળી નહી.

ધ્રાંગધ્રાઃ

સુરેન્દ્રનગર જીલ્લામાં આવેલું ધ્રાંગધ્રા પથ્થરના કામ માટે, ખાસ કરીને મુર્તીઓના ઘડતર માટે જાણીતું છે. મંદીરો માટે મુર્તીઓ



બનાવવાનું કામ કરતા નાના-મોટા અનેક એકમો અહી છે.સોમપુરા જ્ઞાતીના કામદારોનો આ પરંપરાગત વ્યવસાય છે અને હવે આ કામમાં પ્રવાસી મજુરો- ખાસ કરીને રાજસ્થાનના- પણ જોવા મળે છે. અમે ધ્રાંગધ્રાની મુલાકાતો દરમીયાન સંબંધો બાંધ્યા, દર્દીઓની ઓળખ કરી અને તેમની મુલકાત કરી. ગુજરાત સરકારે મુર્તીકામના વીકાસ માટે અહી તાલીમ કેન્દ્ર ખોલ્યું છે તેની પણ મુલાકાત લીધી. આપણા એક કાર્યકર શહેરની નીયમીત મુલાકાત લેતા રહે છે. અહીની આર્ટસ કોલેજની મુલકાત લઇ અધ્યાપકોને સીલીકોસીસની સમજ આપી અને તેમને આપણા પ્રકાશનો ભેટ આપ્યા અને આ કામમાં સહકાર આપવા અપીલ કરી.ધ્રાંગધ્રામાં આપણને સીલીકોસીસના ૨૭ દર્દી મળ્યા જે પૈકી ૫ના મૃત્યુ થયા છે.

વાંકાનેરઃ

ભઠ્ઠીની ઈંટોના ઉત્પાદન માટે વાંકાનેર જાણીતું છે. આ ઈંટોમાં સીલીકાનું પ્રમાણ ઉંચું હોય છે જે કારણે સંપર્કમાં આવતા કામદારોને સીલીકોસીસ થવાની સંભાવના હોય છે. વાંકાનેરમાં કામદાર રાજય વીમા નીગમની લોકલ ઓફીસ છે. થાનના વીમા કામદારો આ લોકલ ઓફીસ સાથે જોડાયેલા છે. અહી અમે કેટલાક સામાજીક કાર્યકરોની મુલાકાત લઇ સીલીકોસીસ અંગે ચર્ચા કરી. વાંકાનેરમાં આપણને ૨ દર્દી મળ્યા છે.

મોરબીઃ

મોરબી એક જુનું રાજવી શહેર છે. ટાઇલ્સના ઉત્પાદનનું મહત્ત્વનું કેન્દ્ર છે. એક હાજર જેટલા એકમો છે જે ટાઇલ્સનું ઉત્પાદન કરે છે. મોરબીની ઘણી મુલાકાત લીધી અને દર્દીઓને મળ્યા. અહી ૯ દર્દી મળ્યા છે જે પૈકી ૩ના મૃત્યુ થયા છે.

રાજકોટઃ

રાજકોટ ગુજરાતનું એક મહત્ત્વનું શહેર છે જેની વસ્તી ૧૮ લાખ જેટલી છે. એન્જીનીયરીંગ ઉદ્યોગનું કેન્દ્ર છે જયાં ફાઉન્ડ્રી અને ફોર્જીંગના એકમો આવેલા છે જેમાં બહુધા પ્રવાસી કામદારો કામ કરે છે. આ ઉપરાંત બગસરા તરીકે ઓળખાતા ઘરેણાના ઉત્પાદનનું પણ એ મોટું કેન્દ્ર છે. આ કામમાં સ્થાનીક અને પ્રવાસી કામદારો કામ કરે છે. રાજકોટમાં આપણે એક સલાહકાર સમીતી બનાવી છે જેની નીયમીત બેઠકો મળે છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર મજુર મહાજન અને તેના આગેવાન શ્રી દીલીપ ઠાકર આપણા ટેકેદાર છે. સમીતીની બેઠકો એના કાર્યાલયમાં જ મળે છે. સમીતીમાં સ્થાનીક કામદાર સંગઠનના આગેવાન, વકીલ, સીલીકોસીસના દર્દી,

તબીબ અને પત્રકારોનો સમાવેશ કર્યો છે. અહી આપણે સરકારી અને બીનસકરારી સંસ્થાઓ સાથે સંબંધો સ્થાપીત કર્યા છે. અહી ફાઉન્ડ્રી, ગ્લાસ ઈચીંગ, ઘરેણા, અનાજ દળવાની ઘંટીના કામદારોમાં સીલીકોસીસના દર્દી મળ્યા છે. અમે કેટલાક ગ્લાસ ઈચીંગ એકમોની મુલાકાત લઈ ઉત્પાદન પ્રક્રીયાની માહીતી મેળવી. રાજકોટમાં આપણને ૧૬ દર્દી મળ્યા જે પૈકી ૪ના અવસાન થયા છે.

હીમાયતઃ

- ❖ કામદાર રાજય વીમા નીગમ સમક્ષ અમે રજુઆત કરી થાનના સીરામીક એકમોના અનેક કામદારોને ગેરકાયદેસરરીતે આ કાયદા હેઠળ આવરી લેવાયા ન હોવાની બાબત તેમના ધ્યાન પર લાવ્યા અને તે માટે સત્વરે પગલાં લેવા માગણી કરી.
- ❖ ૨૦ ફેબ્રુઆરીએ અમે ચોટીલાના ધારાસભ્ય શ્રી ઋત્વીક મકવાણાની મુલાકાકત લીધી અને સીલીકોસીસથી પીડાતા સીરામીક કામદારો અંગે રજુઆત કરી અને તેમને આપણા પ્રકાશનો ભેટ આપ્યા.
- ❖ કામદાર રાજય વીમા યોજનાના નીયામકશ્રી ડો. સમીર શાહની અમે ૮ મે, ૨૦૧૯ને દીવસે મુલાકાત લીધી અને થાનમાં વીમા યોજનાનું દવાખાનું બંધ કર્યું હોવાને કારણે કામદારોને પડતી તકલીફો અંગે રજુઆત કરી અને ત્યાં દવાખાનું શરુ કરવા અપીલ કરી. હવે થાનમાં પેનલનું વીમા દવાખાનું શરુ થયું છે.

ખંભાતઃ

- ✓ અહેવાલના વર્ષ દરમીયાન ખંભાતમાં આપણી પાસે કોઈ કાર્યકર ન હતા અને આપણો કોઈ વીશેષ કાર્યક્રમ પણ ચાલતો ન હતો. કરમસદ મેડીકલ કોલેજ દ્વારા ખંભાતમાં સીલીકોસીસ માટે ચાલતા અઠવાડીક ઓપીડી ચાલુ રાખવાની અસમર્થતા જાહેર કરી તે પછી આપણે ઓપીડી બંધ કરી. એ પહેલાં જ આપણે નાના બાળકો માટે ચાલતા ઘોડીયાઘરને બંધ કર્યું હતું. સરકારે સીલીકોસીસના નીદાન માટે સ્થાનીકસ્તરે વ્યવસ્થા ગોઠવી તેથી આપણી ભુમીકા રહી નહી. વળી, સીલીકોસીસને કારણે મૃત્યુ પામનાર કામદારના કુટુંબને રુ.એક લાખની સહાય આપવાની યોજના અમલમાં મુકી તેથી એ બાબત પણ આપણી ભુમીકા રહી ન હતી. હવે જે કામ છે તે સીલીકાનો સંપર્ક ઘટાડવા માટેનું કામ છે, રાજય દ્વારા ચાલતા નીદાનના કામ પર દેખરેખ રાખવાનું કામ છે, પીડીતોના દાવાઓમાં મદદ કરવાનું કામ છે અને રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ દ્વારા કરાયેલ ભલામણોના અમલ માટે હીમાયત ચાલુ રાખવાનું કામ છે.
- ✓ રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ દ્વારા અકીક કામદારોની કામની સ્થીતીમાં સુધારા માટે ઘણી ભલામણો કરવામાં આવી હતી. તે પૈકી એક ભલામણ હતી આ કામદારોના લઘુત્તમ વેતન દર નકકી કરવાની. ગુજરાત સરકારે સંબંધીતો સાથે બેઠક કરી આ બાબત ભલામણ કરવા મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનને કામ સોંપ્યું. તેમણે આપણો સંપર્ક કરી મદદ કરવા વીનંતી કરી. તે અનુસાર આપણી મદદથી કામદારો સાથે એક બેઠકનું આયોજન ૨૧ જુલાઈએ કરવામાં આવ્યું.
- ✓ ઘણા સીલીકોસીસ પીડીતોને આપણે સરકારી સહાયના દાવા કરવામાં મદદ કરી.
- ✓ ખંભાત મ્યુનીસીપાલીટીના પ્રમુખ અને ઉપપ્રમુખની મુલાકાત લઈ આપણી સંસ્થાનો પરીચય આપી, પ્રકાશનો ભેટ આપ્યા અને સંસ્થાના કાર્યાલય માટે જગ્યા ફાળવી આપવા વીનંતી કરી.
- ✓ નવેમ્બર મહીનામાં આપણે આપણું કાર્યાલય શકરપુરથી મેતપુર ખેસડયું. શકરપુરના એ કાર્યાલયમાં આપણે એક દાયકાથી વધુ સમય કાઢયો. ફેબ્રુઆરીમાં આપણે ફરી કાર્યાલય મેતપુરથી ખસેડી ખંભાત શહેરમાં લાવવું પડયું.
- ✓ ખંભાતના સામુદાયીક આરોગ્ય કેન્દ્ર, બ્લોક હેલ્થ ઓફીસર તેમજ કાર્ડીઆક કેર સેન્ટરની આપણે મુલાકાત લીધી. આ ઉપરાંત ડાયાબીટીસ માટે કામ કરતી એક સ્વૈચ્છીક સંસ્થાની પણ મુલાકાત લીધી. સ્થાનીક સ્વયંસેવકોની મદદથી આપણે ડાયાબીટીસથી પીડાતા દર્દીઓની યાદી તૈયાર કરી.
- ✓ જાન્યુઆરીના પાછલા ભાગમાં ખંભાતમાં કોમી તોફાનો ફાટી નીકળ્યા. અમદાવાદ અને વડોદરાના કેટલાક સજ્જનો અને સંસ્થાઓની અસરગ્રસ્ત વીસ્તારોની મુલાકાત આપણે ગોઠવી આપી.

## ડાયાબીટીસ જાગૃતીઃ




૨૬ નબેમ્બરે ડાયાબીટીસ ફાઈટર્સ નામની સંસ્થાએ દીલ્હીમાં ડાયાબીટીસ જાગૃતી માટે ભવ્ય કાર્યક્રમનું આયોજબ કર્યુ. અન્ય સંસ્થાઓ સાથે પીટીઆરસીએ પણ આ કાર્યક્રમના આયોજનમાં સહયોગ આપ્યો.


ડાયાબીટીસ ફાઈટર્સ ટ્રસ્ટે ન્યુ દીલ્હી મ્યુનીસીપલ કોર્પોરેશનના સહયોગમાં "ડાયાબીટીસના અધીકારો માટે તરત પગલાં લો" નામના કાર્યક્રમનું આયોજન

કર્યું. આ કાર્યક્રમે જીવન જીવવાના અધીકારને ડાયાબીટીસ અંગે શીક્ષણ અને માહીતી, ઈન્સ્યુલીનની ઉપલબ્ધતા, અને સારી ગુણવત્તાના  જીવનના અધીકાર સાથે જોડી દેવા માટે મંચ પુરો પાડયો. આરોગ્યમાં સમાનતા, સંશોધન અને ઈનોવેશન, જેમના સુધી પહોંચી શકાયું નથી તેમના સુધી શીક્ષણના માધ્યમ દ્વારા પહોંચવું, ક્ષમતાવર્ધન, હાલની નીતીઓની ચર્ચા અને વંચીતો માટે વધુ સારા જીવન તરફ જવાની દીશામાં પગલાં માંડવા વીશેના મુદ્દા રજુ થયા. દર્દીઓ જે મુશ્કેલીઓ ભોગવે છે અને પીડા સહન કરે છે તે તેમજ સેવા આપનારા – દર્દીના તદ્દન નજીકના કુટુંબીજનો તેમજ બૃહદ સમાજ - જે પડકારોનો સામનો કરે છે તેને ઉજાગર કરવાનો આ આયામ હતો.




પ્રાર્થના બાદ ટાઈપ-૧ પ્રકારના ડાયાબીટીસથી પીડાતા બાળકોએ યોગાસનો રજુ કર્યા. તે પછી એક શેરી નાટક રજુ થયું જેમાં ડાયાબીટીસના દર્દીઓ જે મુશ્કેલીઓનો સામનો કરે છે તેની અને જાગૃતીની જરુર અંગેનો સંદેશો હતો. આ કાર્યક્રમમાં દર્દીઓ ઉપરાંત દર્દીઓ વતી રજુઆતો કરનારા પ્રતીનીધીઓ, તબીબો, નીતીના ઘડવૈયાઓ, સેવા આપનારા અને ઉત્પાદકોએ હાજરી આપી. આ અંગેની ચર્ચાનું સંચાલન ડો. નયનજીત ચૌધરીએ કર્યુ જે મેડટ્રોનીક ફાઉન્ડેશન, મીનીઆપોલીસ, યુ.એસ.એ.ના સીનીયર વૈશ્વીક સલાહકાર છે અને રામૈયા ઈન્ટરનેશનલ સેન્ટર ફોર પબ્લીક હેલ્થ ઈનોવેશન્સમ બેંગ્લોરના માનદ સલાહકાર છે. સુશ્રી મંજુલીએ સામાન્ય દવાઓની વહેંચણીની પધ્ધતી અને બાળકોને નવા પ્રકારના ઈન્સ્યુલીન આપવાની જરુર અંગે વાત કરી. સુશ્રી રોમા બત્રા, એસોસીએટ ડાયરેકટર, મેડીકલ એજયુકેશન એન્ડ પીએસપી કોઓર્ડીનેટર દ્વારા ભારતમાં ઈન્સ્યુલીનની પોસાય તેવા ભાવે ઉપલબ્ધતા અને મોટી કંપનીઓ પહોંચ વધારવા શું કરવું જોઈએ તેના સુચનો રજુ કર્યા. ડો.દેબાશીષ બસુએ ઈન્સ્યુલીનના ભાવ અંગે ચર્ચા કરી. ડો.એ.કે.વેદવાલે (યોગધ્યાન કેન્દ્રના નીયામક) શારીરીક વેદના, લાંછન (સ્ટીગ્મા) અને ડાયાબીટીસના માનસીક પાસા અંગે રજુઆત કરી. ડો.શાલીની જગ્ગીએ (ડાયાબીટીસ કન્સલટન્ટ) ડાયાબીટીસથી પીડાતા બાળકોના વીકાસ અંગે વાત કરી તો ડો.અનુશ્રી અને ડો.અર્ચના સારડાએ (જેમણે ઔરંગાબાદમાં ટાઈપ-૧ પ્રકારના ડાયાબીટીસથી પીડાતા બાળકો માટે “ઉડાન” નામની સંસ્થાની સ્થાપના કરી છે) ટાઈપ-૧ અંગેની ગેરમાન્યતાઓ અને આ પ્રકારના રોગથી પીડાતા દર્દીઓને જે જટીલતાઓનો સામનો કરવો પડે છે તેની વાત કરી.ડો.આશીષ રંજને (ઓનલાઈન ફાર્મસી વન એમજીના અધીકારી) પોસાણ અને ટેકનોલોજી અંગે વાત કરી. ડો.સુભાષ ચંદ અને ડો.એસ.કે.આર્યએ જુવેનાઈલ ડાયાબીટીસ અને આયુષની ભુમીકાની વાત કરી. ડો.અપુર્વ ગોમ્બરે (દીયા ફાઉન્ડેશન) યુવાનોમાં ડાયાબીટીસ અને તેમણી સાથેના ભેદભાવની વાત કરી. અંતમાં સંગીતના સુરો સાથે કાર્યક્રમની પુર્ણાહુતી થઈ.

## પુસ્તીકાઃ




ટાઈપ-૧ પ્રકારના ડાયાબીટીસ અંગે જાગૃતી માટે ચીત્રવાર્તાના સ્વરુપમાં એક પુસ્તીકા મૃદુલા ભાર્ગવ અને તેમના સાથીઓએ તૈયાર કરી જેને માટે સંસ્થાએ ભંડોળ પુરું પાડ્યું. આ પુસ્તીકાના સમવર્ધનનું કામ ચાલુ છે અને તેમાં વધુ પાનાં ટુંક સમયમાં ઉમેરાય તેવી શકયતા છે.

## વ્યાખ્યાન:



- ૩૦ એપ્રીલે સોલા હોસ્પીટલ, અમદાવાદ ખાતે આઈઆઈપીએચના વીદ્યાર્થીઓ સમક્ષ વ્યવસાયીક આરોગ્ય પર વ્યાખ્યાન.
- યુનીવર્સીટી ઓફ કેલીફોર્નીઆના સેન્ટર ફોર લેબર રીસર્ચ એન્ડ એજયુકેશનના વીદ્યાર્થીઓ સમક્ષ તા.૨૧ ઓકટોબરે બપોરે ૧૨થી ૧ દરમીયાન વ્યાખ્યાન.
- એ જ દીવસે બપોરે ૨.૩૦થી ૪.૩૦ દરમીયાન આ જ કેન્દ્રના અધ્યાપકો અને મહેમાનો સાથે ભારતમાં વ્યવસાયીક આરોગ્યની સ્થીતી અંગે રજુઆત અને ચર્ચા કરી.



- એ જ દીવસે સાંજે યુની.ઓફ કેલીફોર્નીઆના સ્કુલ ઓફ પબ્લીક હેલ્થ ખાતે "એક શ્વાસ માટે વલખાં" દસ્તાવેજી ફીલ્મ બતાવી ગુજરાતમાં વ્યવસાયીક રોગો અંગેના આપણા અનુભવોની રજુઆત કરી.
- ૨૬ ઓકટોબરે શીકાગો ખાતે રીસ્પોન્સીબલ જ્વેલરી કાઉન્સીલ આયોજીત પરીષદમાં હ્યુમન રાઈટસ વોચ નામની સંસ્થાના વડા જો બેકર સાથે ઉપસ્થીત પ્રતીનીધીઓ સમક્ષ સંવાદ કર્યો અને અકીક કામદારો અંગે ટુંકી ફીલ્મ બતાવી.




- ૨૮ ઓકટોબરે દક્ષીણ કોરીઆના સીઓલ ખાતે યોજાયેલ એનરોવ કોન્ફરન્સમાં "સ્ટ્રેટેજીસ અગેઈન્સટ ધ સ્ટ્રકચર્ડ રીસ્ક ઈન ઈન્ફોર્મલ સેકટર્સ" વીષય પર રજુઆત કરી.
- ૨૯ જાન્યુઆરી,૨૦૨૦ને દીવસે મુંબઈ ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ કમીશન ઓન ઓકયુપેશનલ હેલ્થની પરીષદમાં સીલીકોસીસ અંગે રજુઆત કરી.
- ૪ ફેબ્રુઆરીએ ચેન્નૈ ખારે સીવીડેપ ઈન્ડીયા દ્વારા આયોજીત ચામડું કમાવાના કારીગરો અંગેની બેઠકમાં રજુઆત કરી.

## રેડીયો વાર્તાલાપ:

ન્યુ જર્સી ખાતે "રેડીયો દીલ" પર કૌશીક અમીન સાથે ૫ ઓકટોબરે વાર્તાલાપ રેકોર્ડ થયો.

## મદદ:

મે, ૨૦૧૯માં કાર્ડીઆક કેર સેન્ટર, ખંભાતને આપણે એલઈડી ડીસ્પ્લે બોર્ડની ભેટ આપી.

## ઈએસઆઈ મુદ્દે કામ:

- મે, ૨૦૧૯માં કામદાર રાજય વીમા નીગમની અમદાવાદ ખાતેના ક્ષેત્રીય કાર્યાલયમાં વાઘોડીયાના કામદારો સાથે સુવીધા સમાગમમાં ભાગ લીધો.




- ❖ વર્ષ દરમીયાન જુન,જુલાઇ,ઓગષ્ટ,સપ્ટેમ્બર–૨૦૧૯ અને જાન્યુઆરી, ૨૦૨૦માં વડોદરા ખાતેની કા.રા.વી. નીગમની ઉપ ક્ષેત્રીય કચેરીમાં દર મહીનાના બીજા બુધવારે યોજાતી સુવીધા સમાગમ બેઠકોમાં ભાગ લઇ વીમા કામદારોવતી ફરીયાદો રજુ કરી.

- ❖ વાઘોડીયા ઔદ્યોગીક વીસ્તાર ખાતે ૨૮ મેને દીવસે ઇ.એસ.આઇની સેવાઓને મુદ્દે કામદારો સાથે મીટીંગ કરી. કામદારોને પડતી મુશ્કેલીઓની ચર્ચા કરી એના ઉકેલ માટે શી વ્યુહરચના હોઇ શકે તેની ચર્ચા કરી. એ બેઠકમાં નીર્ણય લેવાયો કે કામદારોને ઇ.એસ.આઇ.ના લાભો અંગે જાણકારી આપવા એક પત્રીકા પ્રગટ કરવી અને તે દ્વારા જે કામદારોની ઇ.એસ.આઇમાં નોંધણી થઇ નથી તેમની ભાળ કાઢી તેમની નોંધણી કરાવવામાં મદદ કરવી.એ મુજબ આપણે પત્રીકા તૈયાર કરી આપી જે કામદારોએ જાતે છપાવીને વહેંચી. જો કે તેનો સીધો કોઇ ફાયદો દેખાયો નથી.

ઇ.એસ.આઇ. સાથે કામદારોની ફરીયાદો સંદર્ભે જે અનુભવો થયા તે પૈકી કેટલીક કેસસ્ટડીઃ

દીપક તબલાવાલા નામના વીમા કામદારના પીતાને તકલીફ થતાં ૨૬/૦૮/૨૦૧૭ને દીવસે વીમા હોસ્પીટલમાં લઇ ગયા, ત્યાં તપાસ કરી તેમને તરત જ બેન્કર્સ હાર્ટ હોસ્પીટલમાં જવા કહેવામાં આવ્યું. તેઓ તરત ત્યાં ગયા તો તેમને રૂ.૧૦,૦૦૦/- ડીપોઝીટ તરીકે ભરવા કહેવામાં આવ્યું જે ગેરકાયદે છે.તેમને કહેવામાં આવ્યું કે ઇએસઆઇની પરવાનગીનો પત્ર આપશો એટલે આ રકમ પરત કરવામાં આવશે. ફરી ૪/૦૯/૧૭ને દીવસે બીજા રૂ.૪,૦૦૦/- ડીપોઝીટ પેટે જમા કરાવવાનું કહેવામાં આવ્યું અને તેમણે ભરી દીધા. હોસ્પીટલમાં હતા તે દરમીયાન તેમને દવા પેટે રૂ.૨૪૮૪.૫૦નો ખર્ચ થયો.તેમને પરવાનગીનો પત્ર તા.૧/૦૯/૧૭ને રોજ કાઢી આપવામાાં આવ્યો જે તેમણે તરત જમા કરાવી દીધો. સાજા થયા બાદ તેમના પીતાને રજા આપવામાં આવી પરંતુ ડીપોઝીટની રકમ પરત આપવામાં આવી નહી. એમણે વારંવાર ધક્કા ખાધા તો કહેવામાં આવ્યું કે તમારું બીલ ઇએસઆઇમાંથી મંજુર તશે પછી તમને રકમ પરત મળશે.તેમને માટે અમે દોઢેક વર્ષથી સતત રજુઆતો કરતા આવ્યા છીએ પણ હજુ તેમને રકમ પરત ચુકવાઇ નથી.

નીરજ કુમાર

૨૩/૨૪ વર્ષનો નીરજકુમાર સીંગ ગયા નવેમ્બર મહીનામાં વાઘોડીયાની ચોપરા ઇન્ડસ્ટ્રીમાં નોકરી કરવા જોડાયો. તેને તાલીમાર્થી તરીકે રખાયો. તાલીમ પુરી થતાં જુલાઇ મહીનાથી તેને સ્વતંત્ર ઓપરેટર તરીકે પ્રેસ મશીન પર ફરજ સોંપાઇ. તા.૩૦ જુલાઇ,૧૯ને રોજ સાંજે ૪.૩૦ના અરસામાં પ્રેસ મશીનમાં તેના જમણા હાથનો પંજો આવી ગયો. મશીન કોઇની દયા ખાતું નથી. જમણા હાથની ત્રણ આંગળીઓ કપાઇ ગઇ. હાથના પંજામાં હાડકું તુટી ગયું. તેને તરત જ નજીકના વીમા દવાખાને – પારુલ હોસ્પીટલમાં લઇ જવાયો જયાં તેને પ્રાથમીક સારવાર આપવામાં આવી અને તેને વીમા હોસ્પીટલ, ગોત્રી મોકલી આપવામાં આવ્યો. ઘણા વર્ષથી વાઘોડીયાના વીમા કામદારો વાઘોડીયામાં જ સેકન્ડરી સારવાર માટે પારુલ હોસ્પીટલ અથવા ધીરજ હોસ્પીટલ સાથે કરાર કરવા ઇએસઆઇ કોર્પોરેશન અને ગુજરાત સરકાર સમક્ષ અરજ કરે છે પણ તેમનું ધણીધોરી કોઇ નથી. કામદારોને આ ટ્રાફીકમાં ૨૫ કીમી દુર વીમા હોસ્પીટલ, ગોત્રી સુધી લાંબા થવું પડે છે. મોટાભાગે બને છે એવું કે કામદારને ગોત્રી હોસ્પીટલમાં સારવાર અપાતી જ નથી પણ કાં તો સયાજી હોસ્પીટલમાં મોકલી અપાય અથવા બીજે કયાંક. નીરજકુમાર પણ કયા ઘરનો મુળો? એને પણ રીફર કરવામાં આવ્યો. એને મેટ્રો હોસ્પીટલ રીફર કરાયો. એને ત્યાં લઇ જવાયો. રાત્રે ૧.૩૦ વાગે એને મેટ્રો હોસ્પીટલના સંચાલકોએ જણાવ્યું કે તારી સારવાર અહી થઇ શકે તેમ નથી. તારે અમદાવાદ સીવીલમાં જવું પડશે. રાત્રે વરઘોડો ફરી ગોત્રી હોસ્પીટલ. ત્યાંના

તબીબી અધીકારીએ ફોર્મ પી-૧ ભરી અમદાવાદ રીફર કર્યા પણ અમદાવાદ જવું શી રીતે? વરસાદ ધીમી ધારે ચાલુ હતો. એને એમ્બ્યુલન્સ તો આપી પણ રાત્રે ૨.૨૫ વાગે એમ્બ્યુલન્સે એને વડોદરા એસ.ટી.ડેપો પર છોડી દીધો. નીરજ એના ભાઇ સાથે બસમાં અમદાવાદ જવા બેઠો. હાથમાં વેદના થતી હોય ત્યારે ઉંઘ પણ શેં આવે! આજે સવારે ૫ વાગે અમદાવાદ ગીતામંદીર ઉતરી રીક્ષા કરી સીવીલ પહોંચ્યા.૩૧મીએ સીવીલમાં પ્લાસ્ટીક સર્જરીમાં તેનું ઓપરેશન થઇ ગયું.

શા માટે પ્રેસ મશીન પરના અકસ્માતો આપણે ઘટાડી શકતા નથી? ફેકટરી એકટમાં અને ગુજરાત નીયમોમાં એને માટે ખાસ નીયમો બનાવાય છે તે નીયમોનું પાલન થાય છે કે કેમ? જો પાલન થતું હોય તો પણ કેમ યુવાન કામદારોના આંગળા કપાય છે? આ અને આવા કામદારો કાયમી કામદાર નહી પણ કોન્ટ્રાકટર દ્વારા નીયુકત કરાય છે તેમને પીએફના લાભ મળે છે કે કેમ ખબર નથી. એમને લઘુત્તમ વેતન ચુકવાય છે. નીરજને રુ.૩૦૭.૯૦નો રોજ મળે છે તેમાંથી ઇએસઆઇનો ફાળો કપાઇ જાય.

હવે ઇએસઆઇ કોર્પોરેશન ફાળો પોતાના ખાતે જમા કરી દે છે અને સારવાર આપવાની હોય છે ગુજરાત સરકારના આરોગ્ય ખાતા હેઠળનીં ઇએસઆઇ સ્કીમ દ્વારા. કોર્પોરેશનને ફરીયાદ કરો તો એ રાજય સરકારને કહો તેમ કહી ધકેલી દે અને ઇએસઆઇ સ્કીમ પાસે જઇએ તો કહે કોર્પોરેશન પાસે જાવ.

કોર્પોરેશન પાસે પુરતી નાણાંકીય જોગવાઇ હોવા છતાં રાજયમાં એક પણ એવી હોસ્પીટલ એ બનાવતા નથી કે જેથી વીમા કામદારોને સીવીલ કે અન્ય ખાનગી હોસ્પીટલોમાં મોકલવા જ ન પડે. તૃતીય કક્ષાની સારવાર માટે એ લોકોએ ખાનગી હોસ્પીટલો સાથે કરાર કર્યા છે પણ સ્થીતી એવી છે કે આ ખાનગી હોસ્પીટલો મનફાવે તેમ વર્તે છે. રાત્રે ૧.૩૦ વાગે નીરજને સારવાર આપ્યા વગર પાછો ગોત્રી હોસ્પીટલ મોકલી અપાયો તેનું કારણ શું? ત્યાં સારવાર થશે કે નહી તેની કોઇ તપાસ કર્યા વીના જ તેને ગોત્રીથી રીફર કરાયો? કે પછી પાછલા બીલનું ચુકવણું નથી થયું એટલે એને પાછો ધકેલાયો?

રાજયમાં વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટની વીમા હોસ્પીટલો તો રાજય સરકાર હસ્તક છે પણ અમદાવાદની બાપુનગરની હોસ્પીટલ મોડેલ હોસ્પીટલ કહેવાય છે અને તેનું સંચાલન ઇએસઆઇ કોર્પોરેશન ખુદ કરે છે ત્યારે એ મોડેલ કહેવાતી હોસ્પીટલમાં પણ સેવા મળતી ન હોય અને વીમા કામદારને સીવીલમાં મોકલે તે કેવું?

આવી ઇજા લઇને આવેલા દર્દીને તમે સારવાર આપી કે અપાવી શકતા નથી એ તો સમજયા પણ એવા દર્દીને તમે અમદાવાદ સુધી બસમાં ધકેલી આપો? એને એમ્બ્યુલન્સની સેવા પણ ન આપો? અને એ પણ રાતના સમયે? વરસાદમાં? આ માનવીય વ્યવહાર છે?

જે શ્રમજીવીઓ પોતાના પસીનાથી આ દેશના અર્થતંત્રને સતત ધબકતું રાખે છે તેને આ સમાજ આટલી સેવા પણ આપી શકતો નથી અને એ પણ એવી સેવા માટે એની પાસેથી ફાળો લીધા પછી.

અભીનવ ચૌધરી

મુંજાલ ઓટોના કોન્ટ્રક્ટ કામદાર અભીનવ ચૌધરીને, તા.૨૧-૦૮-૧૯ને રોજ કંપનીમાં કામ કરતાં પ્રેસ મશીનમાં આંગળા આવી ગયા. તાત્કાલીક તેમને ડી-૧ વાઘોડીયા લઇ જવાયા  ત્યાંથી તેમને ફોર્મ પી-૧ કાઢી આપવામાં આવ્યું. પારુલમાં પ્લાસ્ટીક સર્જન ન હોવાને કારણે ત્યાં તેમની સારવાર થઇ નહી. તેમને ગોત્રી વીમા હોસ્પીટલ લઇ જવામાં આવ્યા. તેમણે પી-૧ કાઢી મેટ્રોમાં કેસ રીફર કર્યો. મેટ્રોમાં ગયા પછી કહેવામાં આવ્યું કે હોસ્પીટલમાં પાણી ભરાઇ ગયા છે તેથી સારવાર થઇ શકશે નહી. ગોત્રી  હોસ્પીટલ સત્તાવાળાઓને આ વાતની ખબર હોવાનો તેમણે દાવો કર્યો. દર્દી પોતાની રીતે પારુલમાં પરત આવ્યા જયાં ઓર્થોપેડીક સર્જને તેમનું ઓપરેશન કર્યું. તે કારણે તેમને કેશલેસ સેવા મળી નહી. તેમને રુ.૧૦ હજારનું ખર્ચ થયું. જો પારુલના ઓર્થોના નીષ્ણાત ઓપરેશન કરી શકતા હોય તો ગોત્રીના ઓર્થો કેમ ન કરી શકે?

સંજય શામળભાઇ રોહીત

અમર ઓટોટેક, જી.આઇ.ડી.સી,વાઘોડીયામાં કોન્ટ્રાકટર જગદીશ (જયકીશોર) શર્માના કોન્ટ્રાકટમાં કામદાર તરીકે કામ કરતા સંજયને તા.૧૨/૧૦/૨૦૧૬ને રોજ બપોરે ૩ વાગ્યાના અરસામાં પ્રેસ મશીન પર કામ કરતાં જમણા હાથની ૩ આંગળી કપાઇ ગઇ અને ચોથી આંગળી હાલ ઇજાગ્રસ્ત છે, વાંકી વળી શકતી નથી.તે સમયે કંપનીએ ઇ.એસ.આઇ.કાર્ડ આપ્યું ન હતું અને તેને આ કાયદો અને તે હેઠળ મળતા લાભો વીશે કોઇ જાણકારી ન હતી. અકસ્માત બાદ કંપનીએ તેને પારુલ હોસ્પીટલમાં સારવાર માટે મોંકલ્યો હતો અને તે અંગે જે ખર્ચ થયું તે કંપનીએ ચુકવ્યું હતું. તે અકસ્માત પછી એવો ડરી ગયો કે સાજો થયા પછી પણ કંપનીમાં નોકરી કરવા ગયો ન હતો. તે પછી કોઇ કે સલાહ આપતાં એણે એક વકીલનો સંપર્ક કર્યો હતો અને તેના દ્વારા લેબર કોર્ટ, વડોદરામાં ૧૭/૦૨/૨૦૧૭ને રોજ કામદાર વળતર ધારા હેઠળ વળતર દાવો કર્યો હતો. તે દાવામાં સામાવાળાએ  તા.૨૧/૦૨/૧૮ને રોજ જમા

કરાવેલા જવાબમાં જણાવ્યું હતું કે કામદારને ઇ.એસ.આઇ.કાયદા હેઠળ આવરી લીધા હતા અને અકસ્માતનું ફોર્મ પણ એમણે સમયસર લોકલ ઓફીસમાં જમા કરાવી દીધું હતું. પોતાના જવાબમાં એમણે અકસ્માત ફોર્મની નકલ પણ જોડી હતી. તે પછી સંજયના વકીલે દાવો પરત ખેંચવા માટેની અરજી કોર્ટમાં રજુ કરી હતી. તેને આધારે તા.૯/૦૩/૧૯ને રોજ નામદાર લેબર કોર્ટે દાવો પરત ખેંચવાની અરજી મંજુર રાખી હતી.તે પછી અમારી પાસે આવતાં સબ રીજીયોનલ ઓફીસમાં એપ્રીલ મહીનામાં સુવીધા સમાગમમાં હાજર રહી રજુઆત કરી હતી. ત્યાંથી અમને સલાહ આપવામાં આવી એટલે એક અરજી સથે લોકલ ઓફીસમાં રજુઆત કરતાં તેમણે બીઆઇ-૧ ફોર્મ કાઢી આપ્યું હતું. અમે તે ફોર્મ લઇ વીમા દવાખાના ગયા હતા પરંતુ તબીબી વીમા અધીકારીએ ફોર્મ ભરી આપવાનો ઇન્કાર કર્યો હતો. તે પછી વારંવાર રજુઆત કરતાં જાણવા મળ્યું કે કંપનીએ તેનો કોઇ ફાળો ઇએસઆઇસીમાં ભર્યો જ ન હતો. સતત રજુઆતોને અંતે તેમની તપાસ મેડીકલ બોર્ડમાં કરવામાં આવી અને તેમને અપંગતા લાભ ચુકવાયો. લગભગ દોઢ લાખ તેમને પાછલા બાકી પેટે મળ્યા પણ કામદાર પછી મોં દેખાડવા પણ ફરકયા નથી.

દીલીપ ગોસાઇ

ઉષા મેડીસેલ્સ, વાઘોડીયા જી.આઇ.ડી.સી.ના કાયમી કામદાર છે. તેઓ જીભના કેન્સરથી ૨૦૧૫થી પીડાય છે. વીમા કાયદા હેઠળ તેમણે મુનીસેવા આશ્રમમાંથી સારવાર મેળવી પણ હવે તે હોસ્પીટલ સાથે કારાવી નીગમનું જોડાણ સમાપ્ત થયું છે. વીમા કામદારને તા.૪ ડીસેમ્બરને રોજ ઘરે લોહીની ઉલટી થઇ તેથી પરીવાર તેમને તાત્કાલીક ડો. નાયકની હોસ્પીટલમાં લઇ ગયા જયાં તેમને ૧૦ દીવસ અંદરના દર્દી તરીકે સારવાર આપી જેની મંજુરી નીગમે આપી. રજા આપતા સમયે હોસ્પીટલે વીમા કામદાર પાસે કોરો ચેક માગી લીધો અને પોતાનું બીલ મંજુર થયા બાદ તે ચેક પરત આપવાની વાત કરી. સારવાર દરમીયાન રુ.૧૬,૨૫૦/-ની દવા ત્યાંથી ખરીદી જે રકમ રોકડેથી દર્દી પાસે વસુલ કરવામાં આવી. તે રકમ પણ પોતાનું બીલ મંજુર થયા બાદ ચુકવવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી. નીગમે કરેલ જોડાણ કરારમાં આવી કોઇ જોગવાઇ ન હોય તો સદર હોસ્પીટલ સામે આ અંગે પગલાં લઇ ચેક અને રકમ દર્દીને સત્વરે પરત કરવામાં આવે તેવી માગણી છે.નાયક હોસ્પીટલમાં તેમને તા.૯ જાન્યુઆરીને રોજ કીમોથેરાપી આપવામાં આવી અને તે માટે કારાવી નીગમની મંજુરી મેળવી લેવામાં આવી. ૪ ફેબ્રુઆરીએ કીમોનો બીજો ડોઝ લેવા નાયક હોસ્પીટલમાં ગયા ત્યારે નીષ્ણાતે જણાવ્યું કે મા કાર્ડ હેઠળના દર્દીઓને સરકાર કીમોની સારવાર માટે અમને રુ. ૧૬,૫૦૦/- ચુકવે છે પણ કારાવી નીગમ અમને માત્ર રુ.૬,૫૦૦/- જ ચુકવે છે તેથી અમને આ ભાવમાં તમને સારવાર આપવાનું પોસાતું નથી. અમે કારાવી નીગમને લેખીત જાણ પણ કરી છે. તે પછી પરીવારે ચર્ચા કરી અંગત રુ.૧૦,૦૦૦/- ચુકવી કીમોની સારવાર લીધી. આ રકમનો પણ દર્દી કારાવી નીગમ પાસે દાવો કરે છે. હોસ્પીટલે આ રકમ પેટે તા.૫/૦૨/૨૦ની પાવતી નં.૧૬૦ દર્દીને આપેલ છે.

## ઇ.એસ.આઇ.હોસ્પીટલ, ગોત્રી, વડોદરાની સમસ્યાઓઃ

૧. વોર્ડમાં દર્દીઓ માટે પંખા છે પરંતુ તે બહુ ધીમા ચાલે છે. તા.૨૭/૦૬/૧૯ને રોજ મહીલા વોર્ડ નં.૨માં દાખલ એક વૃધ્ધ મહીલા દર્દીને માટે તેમના સંબંધી ઘરેથી પોતાનો પેડેસ્ટલ પંખો લાવવાની ફરજ પડી તેવી ગંભીર સ્થીતી છે. આ માટે હોસ્પીટલ મેનેજમેન્ટે ગંભીરતાથી વીચાર કરી પંખા બદલવાની કાર્યવાહી કરવી જોઇએ અથવા પંખાના કેપેસીટર બદલાવી તેની ઝડપ વધારી શકાય.

૨. હોસ્પીટલમાં દર્દીઓના પલંગની ચાદર રોજ બદલવામાં આવતી નથી તે બદલવી જોઇએ.

૩. દર્દીઓના પલંગ પર પાથરવામાં આવતાં ગાદલાં બહુ પાતળા છે. તે પુરતી જાડાઇના હોય તો દર્દીને આરામ મળે.

૪. દર્દીઓને જમવાનું તો આપવામાં આવે છે પરંતુ દર્દીઓને થાળી-વાડકી આપવામાં આવતા નથી. થાળી-વાડકી અને અન્ય વાસણોની વ્યવસ્થા કરવી જોઇએ.

૫. મહીલા વોર્ડ પાસે મુકેલ વોટર કુલર બહુ અવાજ કરે છે જેને મરામત કરાવવાની જરુર છે. તે કારણે દર્દીઓને હેરાનગતી થાય છે.

૬. અગ્નીશમન વ્યવસ્થા અપુરતી જણાય છે જે મજબુત કરવાની જરુર છે.

૭. હોસ્પીટલમાં ઓડીયોમટ્રી મશીન નથી, આઇ.સી.યુ. નથી તેની વ્યવસ્થા જરુરી.

૮. દરેક વોર્ડમાં પાણીના કુલર નથી.

૯. કેસબારી પાસે અને વોર્ડમાં ઉપર સુધી કુતરાં ફરતાં હોય છે.

૧૦. પુરુષ વોર્ડ નં.૩માં સંડાસ નં.૨૧માં બારણું જ નથી, તેની જગ્યાએ પડદા મારેલ છે અને સંડાસ નં.૨૪માં નળ નથી, પાણી ડ્રમમાંથી લેવું પડે છે.

## હાજરી આપી:



❖ ૧૦ મે ને દીવસે બાંધકામ મઝદુર સંગઠન દ્વારા આયોજીત કાર્યક્રમમાં હાજરી આપી.

❖ ૧૭/૧૮ જુનને રોજ દીલ્હી ખાતે યોજાયેલ "આઇકેન" સંસ્થાની બેઠકમાં હાજરી આપી.

❖ ૨૧ જુનને દીવસે "પ્રયાસ" દ્વારા રાજકોટ ખાતે આયોજીત બેઠકમાં હાજરી આપી.

❖ ૩ જુલાઇએ અમદાવાદ ખાતે યોજાયેલ સાગર ધારાના પ્રવચનમાં હાજરી આપી.

❖ મેડીકો ફ્રેન્ડ સર્કલની અર્ધવાર્ષીક બેઠક ૨૬/૨૭ જુલાઇએ વડોદરા ખાતે યોજાઇ તેમાં હાજરી આપી.

❖ ૭ ઓગષ્ટે સેઇફ ઇન ઇન્ડીયા સંસ્થાએ ગુરુગ્રામ ખાતે કરેલા કામનો અહેવાલ આઇઆઇએમ, અમદાવાદ ખાતે પ્રકાશીત કર્યો તેમાં હાજરી આપી.

❖ ૧૦ સપ્ટેમ્બરે વડોદરા ખાતે જન સ્વાસ્થ્ય અભીયાનની સંચાલન સમીતીની બેઠકમાં હાજરી આપી.

❖ પ્રયાસ દ્વારા કડી ખાતે આયોજીત બેઠકમાં ૨૧ ડીસેમ્બરે હાજરી આપી.

❖ ૩/૪/૫ ફેબ્રુઆરીએ ઓહેનીની વાર્ષીક બેઠકનું આયોજન રાજસ્થાનના કરૌલી ખાતે કર્યું તેમાં હાજરી આપી.

## તપાસ:

૨૪ મેને દીવસે તક્ષશીલા કોમ્પ્લેક્સ, સુરત ખાતે લાગેલ આગમાં ૨૨ વ્યકતીઓના મૃત્યુ થયા. સુરત, પીયુસીએલ દ્વારા આ ઘટનાની તપાસ નાગરીક સમીતી દ્વારા કરવાનું નકકી થયું અને તપાસ સમીતીના સભ્ય તરીકે સેવા આપણને આમંત્રણ આપવામાં આવ્યું. ૩૧ જુલાઇ અને ૧ જુન એમ બે દીવસ એ તપાસના કામમાં સામેલ થયા.

## મુલાકાત:



➢ ૧૩ નવેમ્બરે સેઇફ ઇન ઇન્ડીયાના સ્થાપક શ્રી સંદીપ સચદેવની મુલાકાત આઇ.આઇ.એમ, અમદાવાદ ખાતે લીધી. એમને આપણા કામ વીશે માહીતી આપી.

➢ ૨૪ નવેમ્બરે અંબાજીની મુલાકાત લીધી જેમાં દીપક સંસ્થાનના શ્રી ધર્મેન્દ્ર ગોરના આપણી સાથે રહ્યા અને સ્થાનીક આગેવાન શ્રી ગેમાભાઇની અને તેમના દ્વારા સીલીકોસીસના દર્દીઓની મુલાકાત કરી.

➢ મજુર મહાજન સંઘ, ધ્રાંગધ્રાના શ્રી દીપક શાહની મુલાકાત તેમના કાર્યાલયમાં ૨૯ નવેમ્બરે લીધી.

➢ ૫ ડીસેમ્બરે એન.આઇ.ડી, અમદાવાદની મુલાકાત લીધી અને ખંભાતની સમસ્યા અંગે અધ્યાપક શ્રી નઇમભાઇ સાથે ચર્ચા કરી.

## મહેમાનો:



- નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ઓકયુપેશનલ હેલ્થ, અમદાવાદ ખાતે અભ્યાસ કરી રહેલા વીદ્યાર્થીઓએ ૨૭ મે ને રોજ ખંભાતની મુલાકાત લીધી. તેમને અકીકના એકમો અને સીલીકોસીસના દર્દીઓની મુલાકાત કરાવી અને પ્રેઝન્ટેશન આપ્યું.
- ૧૯ નવેમ્બરે આણંદના શ્રી રામ મનોહર વીકાસ અને તેમના પુત્ર પુલક ખંભાતની મુલાકાતે આવ્યા.

- મુંબઈના તબીબ ડો. કલ્પના સુબ્રમણ્યમ તા.૨૧ નવેમ્બરે ખંભાતની મુલાકાતે આવ્યા.
- થાનના વતની અને મુંબઈ ખાતે ફીલ્મનો વ્યવસાય કરનારા શ્રી વીનોદ પરમાર વડોદરાના કાર્યાલયની મુલાકાતે ૨૨ નવેમ્બરે આવ્યા.
- અમેરીકામાં રહેતા અને દસ્તાવેજી ફીલ્મ બનાવતા શ્રી વીશાલ મુનસફ ૮ નવેમ્બરે આવ્યા અને ઈન્ટરવ્યુ રેકોર્ડ કર્યો.

## માહીતી અધીકાર કાયદા હેઠળ કરેલ અરજીઓ:

- ૮ જુલાઈને રોજ ડાયેરકટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ તેમજ કામદાર રાજય વીમા નીગમ સામે અરજી દાખલ કરી.
- આપણે ભરુચ કલેકટર સમક્ષ જી.એન.એફ.સી.માં થયેલ ગેસ લીક અંગે કરેલી માહીતી અધીકાર અરજીમાં કલેકટર કચેરીએ માહીતી આપી ન હતી. તે અંગે ૨૭ નવેમ્બરે વીડીયો કોન્ફરન્સ દ્વારા રાજયના માહીતી કમીશ્નરશ્રી સમક્ષ સુનાવણીમાં ભરુચ કલેકટર ઓફીસ ખાતે હાજરી આપી. કમીશ્નરશ્રીએ આપણને માહીતી આપવા ભરુચ કલેકટરને હુકમ કર્યો. તે મુજબ આપણને ૭ દીવસમાં માહીતી મળી ગઈ.

## કાનુની કામ

- ખંભાતના અકીક કારીગર સ્વ.રાજુ ખુશાલ પરમારે આપણી સહાયથી આણંદ મજુર અદાલતમાં સીલીકોસીસ માટે માલીક સામે વળતર દાવો ૨૦૧૧ના જાન્યુઆરીમાં દાખલ કર્યો હતો. ઓકટોબર, ૨૦૧૯માં તે કામે અરજદાર તરફે કોર્ટે હુકમ કરી અરજદારને રુ. ૪.૫ લાખ ચુકવવા જણાવ્યું. ખંભાતના અકીક કામદાર દ્વારા કરાયેલ અને સફળતા મળી હોય તેવો આ પહેલો દાવો હતો.
- ઓકટોબર, ૨૦૧૯માં આપણે રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ સમક્ષ રજાકોટ, સુરેન્દ્રનગર તેમજ મોરબી જીલ્લાઓમાં સીલીકોસીસને કારણે મૃત્યુ પામેલા તેમજ સીલીકોસીસનો ભોગ બનેલા કામદારો અંગે ફરીયાદ દાખલ કરી. નવેમ્બર મહીનામાં પંચે રાજયના મુખ્ય સચીવને વીગતો ચકાસી, કામદારોની તબીબી તપાસ કરી તેમને નાણાંકીય સહાય આપવા અને તેમના પુનઃસ્થાપન માટે પગલાં લેવા સુચના આપી. એમણે આ જીલ્લાઓના કલકટરોને ૮ અઠવાડીયામાં અહેવાલ જમા કરાવવા સુચના આપી.
- આ બાબતે ૨૫ જાન્યુઆરીએ આપણે પંચને એક સ્મૃતીપત્ર મોકલ્યો.
- ૧૮ માર્ચ, ૨૦૨૦ને રોજ રાષ્ટ્રીય માનવ અધીકાર પંચે આપણી ફરીયાદ નં.૪૯૯/૬/૫/૨૦૧૦માં ભરુચ કલેકટરને જયપુરના મજુર ખાતા સમક્ષ મુદ્દો રજુ કરવા સુચના આપી.

## ઓહેની:

ભારતમાં વ્યવસાયીક આરોગ્ય અને સલામતી અધીકારો મુદ્દે કામ કરતી સ્વૈચ્છીક સંસ્થાઓનું નેટવર્ક ઓકયુપેશનલ એન્ડ એન્વાયર્નમેન્ટલ હેલ્થ નેટવર્ક ઈન્ડીયા નામે ૨૦૦૫થી ચાલે છે. હાલ પીટીઆરસી તેના કાર્યાલયની જવાબદારી સંભાળે છે. સદર નેટવર્ક માટે આપણે કરેલી પ્રવૃત્તીઓ નીચે મુજબ છેઃ




Environmental health org writes to Centre seeking TB prevention measures

EXPRESS NEWS SERVICE

- ✓ જુલાઈ, ૨૦૧૯માં નેટવર્ક વતી આપણે કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયને એક પત્ર લખી ટીબી પર નીયંત્રણ કરવા માટે કામના સ્થળોએ સીલીકાનો સંપર્ક ઘટાડવાની જરુર પર ભાર મુકવાની અનીવાર્યતા અંગે પત્ર લખ્યો. આ પત્રને ટકો આપતા પત્ર પર ભારત અને ભારત બહારના ૧૦૦થી વધુ નીષ્ણાતોએ ટેકો આપ્યો.
- ✓ એશીયા મોનીટર રીસોર્સ સેન્ટર, હોંગકોંગની આર્થીક મદદથી સીલીકોસીસ અંગે દસ્તાવેજી ફીલ્મ બનાવી. ઋતુરાજ મીસ્ત્રીએ આપણા માટે ફીલ્મ બનાવી જે માટેનુ ફીલ્માંકન ખંભાત, ઝાલોદ, થાન તેમ જ રાજસ્થાનમાં કર્યુ.
- ✓ કરૌલી, રાજસ્થાન ખાતે ૪/૫ ફેબ્રુઆરીમાં સભ્યોની વાર્ષીક બેઠકનું આયોજન કર્યુ.

## માધ્યમોમાં પીટીઆરસી:

| અનુક્રમ. | તારીખ | અખબારનું નામ | મથાળું | નોંધ |
|---|---|---|---|---|
| 1 | 09/02/20 | દીવ્યભાસ્કર | સીલીકોસીસથી પીડાતા અકીક કામદારોને સહાય આપવા માંગ | <br>સિલીકોસીસથી પીડાતા અકીક કામદારોને સહાય આપવા માંગ |
| 2 | 5/11/19 | ઈન્ડીયન એક્સપ્રેસ | Kin of worker who died of silicosis receivescompensation of Rs.5.7 lakh | <br>Kin of worker who died of silicosis receives compensation of Rs 5.7 lakh |
| 3 | 24/08/19 | કાઉન્ટરવ્યુ | Ceramic Worker dies: 20,000 workers in Thangadh risk deadly silicosis | |
| 4 | 10/11/19 | કાઉન્ટરવ્યુ | Gujarat Agate worker, who fought against bondage, died of silicosis, won compensation | |
| 5 | 4/07/19 | કાઉન્ટરવ્યુ | Gujarat agate workers use potentially low preventive practice to 'evade' deadly silicosis | |
| 6 | 21/10/19 | ઈન્ડીયન એક્સપ્રેસ | Hardlook: Silicosis Threat |  |
| 7 | 13/11/19 | ઈન્ડીયન એક્સપ્રેસ | NHRC directs Gujarat to extend relief to kin of silicosis victims | <br>NHRC directs Gujarat to extend relief to kin of silicosis victims |
| 8 | 8/11/19 | કાઉન્ટરવ્યુ | NHRC notice to Gujarat Chief Secretaryfollowing silicosis deaths in Rajkot | |
| 9 | 27/10/19 | કાઉન્ટરવ્યુ | US Supply chain told tobe wary of fatal impact of Indian Agate industry on workers | |

| | | | | |
|---|---|---|---|---|
| 10 | 14/03/20 | ઈન્ડીયન એક્સપ્રેસ | Ceramic worker dies of silicosis |  **Ceramic worker dies of silicosis**<br>*Rajkot:* Dinesh Jitiya, a ceramic worker of Thangadh in Surendranagar district, died of silicosis at Rajkot civil hospital on Friday. "Jitiya was working as a glazer in ceramic factories producing sanitaryware items. He had 26 years of experience as a glazer. He was sick for the last two years," said Jagdish Patel, director of People's Training and Research Centre, an NGO working for occupational health in the state. Silicosis is an incurable disease caused by the accumulation of silica dust in lungs.<br>Patel said that Jitiya's wife is also a ceramic worker. ENS |
| 11 | 17/03/20 | કાઉન્ટરવ્યુ | Ninth death in about a year because of deadly silicosis in Gujarat's top ceramic hub. | |
| 12 | 24/12/19 | સંદેશ | ગુજરાતમાં સીલીકોસીસ રોગના સૌથી વધુ દર્દી મુખ્યમંત્રીની કર્મભુમીમાં |  |
| 13 | 07/02/20 | ફુલછાબ | સીલીકોસીસથી મૃત્યુ પામેલા લોકોના સહાયના નીર્ણયને આવકાર |  |
| 14 | 12/02/20 | કાઉન્ટરવ્યુ | Why no Haryana-type welfare scheme for silicosis victims in Gujarat? NGO asks Govt. | |
| 15 | 29/08/19 | નવકાર | સીલીકોસીસ રોગથી એક કામદારનું મૃત્યુ. |  |

## સંશોધન/અભ્યાસ:

એશીયા મોનીટર રીસોર્સ સેન્ટર, હોંગકોંગની સહાયથી ભારતમાં કારખાના નીરીક્ષણ વ્યવસ્થા અંગે અભ્યાસ કર્યો.

## પ્લેસમેન્ટ અને ઈન્ટર્નશીપ:

૨૦ નવેમ્બરે એક મહીનાની ઈન્ટર્નશીપ માટે પટના યુની.ના વીદ્યાર્થી પુલક વીકાસ આપણી સાથે જોડાયા.

ગુજરાત યુનીવર્સીટીના માસ્ટર્સ ઈન લેબર વેલફેર અભ્યાસક્રમના ૬ વીદ્યાર્થીઓ માર્ચ, ૨૦માં એક મહીનાના પ્લેસમેન્ટમાં જોડાયા. અમદાવાદના મ્યુનીસીપલ સફાઈ કર્મચારીઓની સ્થીતીનો અભ્યાસ કરવાનું કામ તેમને સોંપાયું. કોવીડ-૧૯ને કારણે ઉભી થયેલ પરીસ્થીતીમાં પણ તેમણે એ કામ ખંતપુર્વક પુરું કર્યું.

## કર્મચારીઓ:

મે, ૨૦૧૯માં શ્રી મીતેશ મહીડાએ રાજીનામું આપ્યું.

થાનના કામ માટે નીલેશ અલગોતર માર્ચ,૧૯માં જોડાયા પણ એક મહીનામાં જ તેમને સરકારી નોકરી મળી જતાં છોડી દીધું. તે પછી તે કામ માટે મે, ૨૦૧૯માં શ્રી મનસુખભાઇ ઓળકીયાની નીમણુંક કરી. ઓકટોબર, ૧૯માં શ્રી દીપક રાઠોડની નીમણુંક ક્ષેત્રકાર્ય માટે કરી.

## નાણાંકીય અહેવાલ:

વર્ષ દરમીયાન સંસ્થાને રૂ.૪,૧૧,૯૦૩/- દાન અને ગ્રાન્ટ પેટે મળ્યા. રૂ.૫૯,૦૪૦/- બેન્કના વ્યાજ પેટે મળ્યા. વર્ષ દરમીયાન સંસ્થાના હેતુઓ માટે રૂ.૧૩,૭૯,૧૨૪.૭૦નો ખર્ચ કર્યો.

સંસ્થા તમામ દાતાઓ અને ટેકેદારોનો તહેદીલથી સહકાર આપવા માટે આભાર વ્યકત કરે છે.

## દાતાઓની યાદીઃ

| અનુક્રમ | નામ | ઠેકાણું | રકમ |
|---|---|---|---|
| 1 | ડો. જગદીશ પરીખ | અમદાવાદ | 20,000/- |
| 2 | ડો.કે.વીજયા | વીધ્યનગર | 00,600/- |
| 3 | ડો. વાય. સુર્યરત્નમ | અમદાવાદ | 00,200/- |
| 4 | ડો.ગુણપ્રકાશ જે. | બેંગ્લોર | 00,100/- |
| 5 | ડો. વાય સ્વાતી રત્નમ | અમદાવાદ | 00,100/- |
| 6 | શ્રી જયદેવ ગોકુલગાંધી | મુંબઇ | 02,501/- |
| 7 | સુશ્રી હીના ગોકુલગાંધી | મુંબઇ | 02,501/- |
| 8 | શ્રી હરીશ દેસાઇ | સુરત | 00,100/- |
| 9 | સુશ્રી મીથીલ સામંત | મુંબઇ | 07,000/- |
| 10 | શ્રી રમેશ કે. પટેલ | મુંબઇ | 30,000/- |
| 11 | સુશ્રી ભૂરાબહેન અને સાથીઓ | ઝાલોદ | 30,000/- |
| 12 | શ્રી સી.એચ.કામોળ અને સાથીઓ | ઝાલોદ | 30,000/- |
| 13 | શ્રી જે.એમ.ડામોર અને સાથીઓ | ઝાલોદ | 30,000/- |
| 14 | શ્રી વીરસીંગ કામોળ અને સાથીઓ | ઝાલોદ | 30,000/- |
| | કુલ | | 183,102/- |